ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૮ ટકા

# આ રીતે થાય છે શહેરમાં પર્યાવરણનું જતન...!!






તાજેતરમાં રાજયના પાટનગર સહિત ગુજરાતમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી સરકાર દ્વારા ધામધૂમથી કરવામાં આવી હતી. રાજય સરકાર દ્વારા ગુજરાતમાં વૃક્ષોની સંખ્યા વધી હોવાના અને સૌથી વધુ વૃક્ષોનું વાવેતર કરી ઉછેરવાના દાવા છાશવારે કરવામાં આવે છે. જો કે રાજયના પાટનગરના હાર્દસમા અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા બનેલા સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની ફરતે બહારની બાજુએ બનાવાયેલા વોક વે પર વાવવામાં આવેલા વૃક્ષોનું જતન કેવી રીતેથી રહ્યું છે તેનો આ તસવીરો બોલતો પુરાવો છે. અસંખ્ય વૃક્ષોનું અહીં બાળમરણ થયું છે તો કેટલીક જગ્યાએ વૃક્ષના છોડ કે ટ્રી ગાર્ડ સુધ્ધાં પણ ગાયબ છે. ગુજરાતની કહેવાતી 'પર્યાવરણ પ્રિય' સરકાર જયાં બેસે છે તે વિધાનસભા સંકુલની બરાબર સામેના વિસ્તારમાં જ જો વૃક્ષોનું જતન આવી રીતે થતું હોય તો રાજયના અન્ય વિસ્તારોમાં જયાં સરકારી ચોપડે દેખાડાતા આંકડા મુજબ વાવેતર કરાયેલા વૃક્ષોનું જતન કેવું થઈ રહ્યું હશે તેની તો કલ્પના જ કરવી રહી...!!!

# સે-૨૬ સ્થિત કોસમોસ મેનપાવર કંપની સાયબર ફ્રોડનો ભોગ બની..!

## કંપનીના એસ.બી.આઈના કરંટ એકાઉન્ટમાંથી ૧૬ ટ્રાન્ઝેક્શન થયા તેમાંથી રૂપિયા કપાયાનો એક જ મેસેજ આવ્યો : એક પણ ઓટીપી મેસેજ આવ્યા વિના રૂ.૪.૪૪ લાખ ઉપડી ગયા છતાં સરકારી ખાતામાં ટ્રાન્જેક્શન થાય તો ઓટીપી મોકલતા નથી તેમ કહીને બેંકે હાથ અદ્ધર કરી દીધા

ગાંધીનગર, તા.૧૬

એક તરફ દેશભરમાં ડિઝીટલ ઈન્ડિયાની વાતો થઈ રહી છે ત્યારે બીજી તરફ બેન્કોની લાપરવાહીથી સંખ્યાબંધ વેપારીઓ પોતાના બેંક ખાતામાં પડેલા રૂપિયાથી હાથ ધોઈ બેસે છે. અનેક કંપનીઓ અને વેપારીઓ નિત નવી મોડસ ઓપરેન્ડીથી સાયબર ફ્રોડનો ભોગ બની રહ્યા છે. બેંક ખાતેદારને કોલ કરીને તેમની પાસેથી ઓટીપી કોડ માગીને ખાતેદારના એકાઉન્ટમાંથી રૂપિયા ઉપાડી લેવાની પદ્ધતિ પણ હવે જૂની થઈ ગઈ છે. હવે તો બેંક ખાતેદારના મોબાઈલમાં ઓટીપી કોડ પણ ન આવે તે રીતે બેંક ખાતામાંથી ટ્રાન્જેક્શન કરી લેતી ભેજાબાજ ગેંગ સક્રિય થઈ છે. ગાંધીનગર સેક્ટર-૨૬ સ્થિત કોસમોસ મેનપાવર કંપની પણ આવા જ એક ભેજાબાજ હેકર કમ ચિટરનો ભોગ બની છે. આ કંપનીના એસબીઆઈના કરંટ એકાઉન્ટમાંથી રૂ.૪.૪૪ લાખના ટુકડે-ટુકડે ૧૬ ટ્રાન્જેક્શન થઈ ગયા અને નવાઈની વાત તો એ છે કે એક પણ ટ્રાન્જેક્શન માટે બેંક દ્વારા ખાતેદારને કોઈ ઓટીપી પણ મોકલવામાં આવ્યો નથી કે ખાતેદારની મંજૂરી પણ લેવામાં આવી નથી.

મળતી માહિતી મુજબ સે-૨૬ ખાતે આવેલા કોસમોસ ગ્રુપના મેનેજર એ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં તેમની કંપની સાથે થયેલી ડીઝીટલ છેતરપીંડી મામલે અરજી આપી છે. તેમની કંપનીનુ કોસમોસ મેન પાવર પ્રાઈવેટ લિમિટેડ નામનું એસબીઆઈમાં કરંટ એકાઉન્ટ છે. આ ખાતામાંથી ૬ જૂને એક સાથે આઠ ટ્રાન્જેક્શન થઈ ગયા હતા જેમાંથી એક પણ ટ્રાન્જેક્શન ઓટીપી કંપનીને કે ખાતેદારને મળ્યા ન હતા. આઠમાંથી એક જ ટ્રાન્જેક્શનનો મેસેજ ખાતેદારને મળ્યો હતો જે મેસેજ જોઈને કંપનીના મેનેજર એસબીઆઈ બેન્કમાં પહોંચી ગયા હતા અને અજાણ્યા વ્યક્તિઓએ તેમના ખાતામાંથી રૂપિયા ઉપાડ્યા હોવાની વાત કરી ટ્રાન્જેક્શન રદ કરવા કે અન્ય પગલાં લેવા સૂચન કર્યું હતું પરંતુ બેંકમાં કોઈ સાંભળવાવાળું જ ન હતું. આ ૮ ટ્રાન્ઝેક્શનમાં રૂ.૩,૩૦,૬૦૦ ઉપડી ગયા હતા. આ ઊપડેલા રૂપિયા ક્યાં ટ્રાન્સફર થયા તે અંગે તપાસ કરતાં અન્ય ક્યાંય નહીં પરંતુ લખનૌના ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ ટેક્સ સરકારી વિભાગમાં જ ટ્રાન્સફર થયા હોવાનું જાણવા મળ્યું છે. કંપનીના ખાતામાંથી બારોબર કોઈ ટ્રકોના ટેક્સ ભરાઈ ગયા હોવાનું ખુલ્યું છે. આ જ કંપનીના બેંક એકાઉન્ટમાંથી અગાઉ જાન્યુઆરી મહિનામાં પણ આવી જ રીતે આ ટ્રાન્જેક્શન થઈ ગયા હતા અને રૂ.૧,૧૩,૮૩૦ ટ્રાન્સફર થઈ ગયા હતા. કંપની સાથે તબક્કાવાર રૂ.૪,૪૪,૪૩૦ ઉપડી ગયા અને ડિજિટલ છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. નોંધનીય બાબત તો એ છે કે સરકારી ખાતામાં ટ્રાન્જેક્શન થાય તો અમે ઓટીપી મોકલતા નથી તેમ કહીને બેંકે હાથ અદ્ધર કરી દીધા છે. આ મામલે ગાંધીનગર સાઈબર સેલમાં અરજી આપવામાં આવતા સાઈબર સેલે વધુ તપાસ શરૂ કરી છે. બેંક દ્વારા થતી નેગ્લીઝેન્સી મામલે પણ પોલીસ તપાસ કરવામાં આવશે.

### એસબીઆઈની જીઆઈડીસી બ્રાન્ચને તાળાબંધી કરી દેવાની ચીમકી

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન (ગેઝીયા) ના પ્રમુખ ડો. સમીરભાઈ ત્રિવેદી અને પૂર્વ પ્રમુખ એચ.એમ.પટેલના જણાવ્યાનુસાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની જીઆઈડીસી બ્રાન્ચના અધિકારી કર્મચારીઓ દ્વારા આવા સંવેદનશીલ કિસ્સાઓમાં પણ ખાતેદારોનું સાંભળવામાં આવતું નથી. ઉપરોક્ત ચીટિંગના કિસ્સામાં કંપનીને ફ્રોડ થયા અંગેની જાણ થઈ એવા તરત મેનેજર બેંકમાં પહોંચ્યા હતા અને ટ્રાન્જેક્શન રદ કરવા કે અન્ય પગલા લેવા જણાવવામાં આવ્યું હતુ પરંતુ બેંકના અધિકારી-કર્મચારીઓને આ કોઈ વાત સાંભળવામાં જ રસ ન હતો અને આ તો પોલીસ નો મામલો છે તેમ કહીને નીકાળી મૂકવામાં આવ્યા હતા. બેંકની બેદરકારીને કારણે આવા ઘણા કિસ્સાઓ બન્યા હોવાનું જાણવા મળ્યું છે અને આ બ્રાન્ચ ની બોગસ સર્વિસને કારણે કંટાળીને હવે જીઆઈડીસીના ખાતેદારોએ પોતાના ખાતા ટ્રાન્સફર કરાવી દીધા હોવાનું પણ તેમનું કહેવું છે. એસબીઆઈની જીઆઈડીસી બ્રાન્ચની આ બોગસ સર્વિસને કારણે આ બ્રાન્ચને તાળાબંધી કરી બ્રાન્ચના અધિકારી-કર્મચારીઓને આંખ ખોલવાનો પ્રયાસ નજીકના દિવસોમાં જ કરવામાં આવશે તેવી ચીમકી ગેઝીયાના પ્રમુખ અને પૂર્વ પ્રમુખે ઉચ્ચારી છે.

## પેન્શનર્સ સમાજ દ્વારા પડતર માંગણીઓ અંગે પોસ્ટકાર્ડ ઝુંબેશ ચલાવાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા કેન્દ્ર સરાકારના ધોરણે તા. ૧૯મી નવેમ્બર ૨૦૧૪થી માસિક રૂ. ૫૦૦ અને તા. ૧લી જુલાઈ ૨૦૧૭થી રૂ. ૧૦૦૦ તબીબી ભથ્થું ચુકવવા, વરિષ્ઠ નાગરિકોને એસ.ટી. બસમાં ૫૦ ટકા કન્સેશન આપવું. કેન્દ્રના ધોરણે જાન્યુઆરી ૨૦૧૮થી બે ટકા મોંઘવારી ભથ્થું ચુકવવા અંગે વારંવાર વિનંતીઓ કરવા છતાં આ માંગણીઓ સરકારશ્રીમાં અટવાઈ ગઈ છે. માંગણીઓ સ્વીકારવામાં આવેલ નથી. સરકારમાં પ્રતિ આક્રોશ વ્યકત કરવા મુખ્યમંત્રીશ્રીને પોસ્ટકાર્ડ દ્વારા પડતર માંગણીઓ સંતોષવા વિનંતી કરવામાં આવશે તેમ ગાંધીનગર શહેર પેન્શનર સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ અને મહામંત્રી હસમુખરાય સોનીએ જણાવ્યું છે.

## પ્રાથમિક શાળાના ૧૦૨૬ વિદ્યા સહાયકોની ભરતી કરાશે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ધોરણ-૧ થી ૫ અને ધોરણ-૬ થી ૮ માટેના શિક્ષકો માટે ૧૦૨૬ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે. આ ભરતી કરવા માટે પસંદગી સમિતિએ જાહેરનામું પણ બહાર પાડી દીધું છે. લાંબા સમયથી શિક્ષકોની સ્પર્ધાત્મક પરીક્ષા બાદ ભરતી થતા હવે પ્રાથમિક શિક્ષકોના મહેકમમાં વધારો થશે.

ગુજરાત રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં લાંબા સમયથી શિક્ષકોની ઘટ છે. આ શિક્ષકોની ઘટ દૂર કરવા માટે દર વર્ષે રાજય પરીક્ષા બોર્ડ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરે છે. જેના મેરીટ પર સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી રાજય પરીક્ષા બોર્ડ પરીક્ષાનું આયોજન કરી પરિણામ પણ જાહેર કરી નાંખે છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા કોઈ પણ પ્રકારના વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવતી ન હતી. પરિણામે હજારો લાખો નોકરી વાંચ્છુકો હતાશ થઈ ગયા હતા અને સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યા સહાયકની નોકરી બાબતે રાહ જોઈ રહ્યા હતા. આખરે આજે સરકારે વિદ્યા સહાયકોની ૧૦૨૬ જગ્યા પર ભરતી કરવાનો નિર્ણય કરતા આ પરીક્ષા પાસ અને નોકરીની રાહ જોતા યુવાનોમાં ખુશીની લ્હેર ફેલાઈ છે. સરકાર ટૂંક જ સમયમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નોકરીના ઓર્ડરની કાર્યવાહી કરશે.

## શુક્રવારે જીઆઈડીસીમાં રકતદાન, આઈ ચેકઅપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન-સાહેલી, જીઆઈડીસી એન્જીનીયરીંગ એસોસીએશન તથા ગાંધીનગર અર્બન કો.ઓ.બેંકના સંયુકત ઉપક્રમે તા. ૨૧મી જુનના શુક્રવારે સવારે નવથી એક વાગ્યા સુધી જીઆઈડીસીના કોમ્યુનીટી એ.સી. હોલમાં કેન્સર હોસ્પિટલના દર્દીઓ માટે રકતદાન કેમ્પ યોજાશે તેમજ જરૂરતમંદ માટે આંખ તપાસ-ચશ્મા વિતરણનું આયોજન પણ કરવામાં આવ્યું છે. બ્લડકેમ્પમાં સહાયભૂત થનાર રકતદાતાને પ્રોત્સાહીત કરવા સુંદર ભેટ આપવાનું પણ આયોજન કરેલ છે તો શહેરીજનોને, જીઆઈડીસીના કર્મચારીઓ વગેરેને તેનો લાભ લેવા બી.એમ.પટેલ યુનિટ ડાયરેકટર, વસંતકુમાર પટેલ પ્રમુખ જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગરે જણાવેલ છે.

### @ગાંધીનગર

● આજે સેકટર-૭ બગીચામાં સાંજે ૬.૩૦ કલાકે સંસ્કાર ગ્રુપ ગાંધીનગર દ્વારા યોગ પ્રાણાયામ, આસન કરવાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવશે તથા સુલેખન કરવા માટે બાળકોને ગુજરાતી/અંગ્રેજી પુસ્તક આપી તેમાંનો ફકરો લખાવવામાં આવશે તો રસકર્તાઓએ હાજર રહેવું.

## છત્રાલ જીઆઈડીસીમાંથી દેશી દારૂના કોથળા પકડાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એલસીબી પીઆઈ ટી. આર. ભટ્ટની સૂચનાથી તેમની ટીમ દારૂ-જુગારના અડ્ડાઓ શોધવા સક્રિય થઈ છે ત્યારે પીએસઆઈ ઝાલાની ટીમે ચોક્કસ બાતમીને આધારે કલોલ તાલુકાના છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. છત્રાલ જીઆઈડીસી ફેઝ નં.૪ની સામે આવેલી પાણીની ટાંકી પાસે નરેશ કાળાભાઈ રાવળ નામના શખ્સને ચોક્કસ બાતમીના આધારે દેશી દારૂના કોથળાઓ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. એલસીબીની ટીમે તેની પાસેથી ૧૩૦ લિટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગર નરેશ રાવળની ધરપકડ કરી તેની વધુ પુછપરછ શરૂ કરી છે.



## વિશ્વ વિધવા મહિલા દિવસની ઉજવણી ગાંધીનગર રાજપૂત ભવન ખાતે યોજાશે

### ધો-૧૦ અને ધો-૧૨ની દિકરીઓને ઈનામ વિતરણ તેમજ સન્માન કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૬

રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા વિશ્વ વિધવા મહિલા દિવસની ઉજવણી ૨૩ જૂનના રોજ સેકટર-૧૨માં રાજપૂત સમાજભવન ખાતે કરવામાં આવશે તેમ સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ બિનાબા શંકરસિંહ રાણાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

રાજયમાં સૌ પ્રથમવાર વિશ્વ મહિલા દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે ગંગા સ્વરૂપ મહિલાઓ આર્થિક સામાજિક રીતે પગભર થાય તે માટે વિવિધ યોજનાઓની સમજ આપી તેમને રોજગારી મળી રહે તેમના બાળકોના અભ્યાસ માટે પણ મદદ આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. આ અંગે જરૂરી બાયોડેટા આ મહિલાનો એકત્ર કરવામાં આવશે.

રાજપૂત સમાજની દિકરીઓ જેઓ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં સારા માર્કસથી પાસ થઈ છે. તેઓને સન્માનપત્ર તેમજ ઈનામ આપી સન્માનીત કરવામાં આવશે તો આ માટે સમાજની દિકરીઓના વાલીઓ વિગેરેએ ૨૦ જૂન ૧૮ સુધી માર્કશીટ મહિલા સમાજની ઓફિસ શુભ બીઝનેસ પાર્ક ચરેડી સામે પેથાપુર ખાતે પહોંચાડવા બિનાબા રાણાએ જણાવ્યું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા વિકાસ રાજપૂત પરિવારના આગેવાન રણવીરસિંહ રાઠોડ તેમજ તેમની સમગ્ર ટીમ આ કાર્યક્રમમાં સહભાગી થશે. શહેર અને જિલ્લાની રાજપૂત સમાજની બહેનો વિગેરેને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા બિનાબાએ અપીલ કરી છે.

### વાતવાતમાં

● ગાંધીનગરના સે-૧૨માં સિવિલ હોસ્પિટલ સંકુલમાં એક ગાય વિજ થાંભલાને ભટકાતા તેને કરંટ લાગ્યો હતો. જેને કારણે ગાયનું કરૂણ મોત નિપજયું હતું. શહેરની મધ્યમાં સેકટર-૧૫માં આવેલા ફતેપુરા ગામે પણ એક ખેતરના શેઢે કપાયેલા વિજ વાયરને અડકી જતા એક ગાયનું કરૂણ મોત થતા એક જ દિવસમાં બે ગાયો વિજ કરંટ લાગવાથી મોતને ભેટવાની ઘટના સર્જાઈ હતી.

## સોમવારથી બલરામ ભવન ખાતે ૧૧ દિવસીય નિઃશુલ્ક જીવન યોગ સેમિનાર

ગાંધીનગર, તા.૧૬

આગામી તા. ૨૧મી જૂને 'વિશ્વ યોગ દિવસ' ઉજવાશે. ગાંધીનગર એક સ્વાસ્થ્ય પ્રેમી શહેર છે અને શહેરમાં અત્યારથી જ ઠેર ઠેર યોગ શિબિરોનો પ્રારંભ થઈ ચુકયો છે. ગાંધીનગરના યોગ સેવક વિરમભાઈ દ્વારા આયોજિત ૧૧ દિવસીય નિઃશુલ્ક જીવન યોગ સેમિનારનો તા. ૧૮મી જૂન સોમવારથી પ્રારંભ થઈ રહ્યો છે.

ગાંધીનગરના સે-૧૨ ખાતે ઉમિયા માતાજીના મંદિરની બાજુમાં બલરામ ભવન પરિસર ખાતે આગામી તા. ૧૮મી જૂન થી તા. ૨૮મી જૂન દરમિયાન યોજાનાર નિઃશુલ્ક જીવન યોગ સેમિનાર દરરોજ સવારે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ ૧૧ દિવસીય જીવન યોગ સેમિનાર થકી શારીરિક તેમજ માનસિક તંદુરસ્તી અને શકિતમાં વધારો થવા સાથે, આત્મવિશ્વાસ શકિત, રચનાત્મક શકિત, માનસિક શાંતિ, ધૈર્ય શકિત તથા સંકલ્પ શકિતમાં વધારો થાય છે તેવું સેમિનારના આયોજક યોગ સેવક વિરમભાઈએ જણાવ્યું હતું. આ જીવન યોગ સેમિનારમાં દૈનિક વ્યાયામનું સચોટ માર્ગદર્શન યોગ સેવક દ્વારા આપવામાં આવશે. દરેક શિબિરાર્થીને યોગ્ય સુવિધા પુરી પાડી શકાય તે હેતુથી સેમિનારમાં યોગ સેવક વિરમભાઈને મો.નં. ૯૪૨૭૬૩૪૮૫૭૫૨ ફોન કરી રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.



## ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ડેન્માર્કના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી

ચિલોડા, તા.૧૬

ગુજરાત રાજય શ્વેત ક્રાંતિ તરફ પગરવ કરી રહ્યું છે ત્યારે ગ્રામીણ ક્ષેત્રે પશુપાલકોના ખેતી વ્યવસાય સાથે પુરક ધંધા તરીકે ડેરી ઉદ્યોગ વિકસી રહ્યો છે ત્યારે ચિલોડા ખાતે આવેલી ધી ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે ડેન્માર્કના એક પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી. ડેન્માર્ક વિશ્વમાં ડેરી ઉદ્યોગ માટે જાણીતું છે ત્યારે આ મંડળે ગામના સભાસદો, ગ્રાહકો, કમિટી સભ્યોની ઉપસ્થિતિમાં ડેરીની વ્યવસ્થાપન વ્યવસ્થા તેમજ કામગીરી અંગે જાતનિરીક્ષણ કરી મહત્વની માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા પ્રેમાજી કાળુજી, ઉ.વ. ૪૮
- સ્વ. સંપતભાઈ જુહાભાઈ દંતાણી, ઉ.વ. ૮૫
- સ્વ. અર્ચના વીર, ઉ.વ. ૫૮